# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧

**-: અખબારી યાદી :-**

# દબાણ હટાવ શાખાની તા. ૨૭-૦૨-૨૦૨૩ થી તા. ૦૫-૦૩-૨૦૨૩ દરમ્યાન કરવામાં આવેલ કામગીરી

**તારીખ:- ૦૬/૦૨/૨૦૨૩**

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તારીખ:૨૭/૦૨/૨૦૨૩ થી ૦૫/૦૩/૨૦૨૩ સુધીની રાજકોટ શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્તી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું , બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે. રસ્તા પર નડતર રૂપ ૩૧ રેકડી તે યુનિ.રોડ,મવડી મેઈન રોડ,મહાકાળી મંદિર પાસે, નાના મૌવા મેઈન રોડ ,ગાંધી સ્કુલ પાસે, મવડી પુલ પાસે શુક્રવારી ,કેવડાવાડી માર્કેટ,છોટુનગર, પરાબજાર,જ્યુબેલી માર્કેટ, પરથી જપ્ત કરવામાં આવી હતી , જુદીજુદી અન્ય ૮૩ પરચુરણ ચીજ વસ્તુઓ જે ગુણાતીતનગર ચોક શ્રીજી કોમ્પલેક્ષ ,સાધુવાસવાણી રોડ ,કોર્ટ ચોક ,હોસ્પીટલ ચોક,રેલ્વે જંકશન રોડ ,જ્યુબેલી,મવડી મેઈન રોડ મહાકાળી મંદિર પાસે ,આનંદ બંગલા ચોક ,યાજ્ઞિક રોડ,પુનિતનગર ચોક ,૧૫૦ ફુટ રિંગ રોડ ,બાપાસિતારામ ચોક ,કાલાવડ રોડ પરથી જપ્ત કરવામાં આવી હતી, ૯૬૪ કી.ગ્રા. શાકભાજી-ફળો તે પારેવડી ચોક , જ્યુબેલી,હોસ્પિટલ ચોક,ગાયકવાડી મેઈન રોડ,જંકશન રોડ, આનંદ બંગલા ચોક જવાહાર ચોક ,કાલાવડ રોડ,મવડી હોકર્સ ઝોન બહાર રોડ પરથી જપ્ત કરવામાં આવ્યા હતા, રૂ.૨ ,૭૩,૪૭૦/-મંડપ કમાન છાજલી ચાર્જ તે મોરબી રોડ ,મવડી રોડ ,કાલાવડ રોડ ,ધરમ સિનેમા,શિતલ પાર્ક પાસેથી વસુલ કરવામાં આવ્યો હતા, તેમજ રૂ.૧,૪૩,૦૦૦/-વહીવટી ચાર્જ તે સંતકબીર રોડ,રામાપીર ચોકડી ,કનક રોડ ,પેડક રોડ ,રૈયા રોડ ,અશોક ગાર્ડન ,લક્ષ્મિનગર નાલા પાસે , જ્યુબેલી,આનંદ બંગલા રોડ,સત્યસાંઈ રોડ, ૧૫૦ ફુટ રિંગ રોડ પરથી વસુલ કરવામાં આવ્યો હતો, અને ૨૬ બોર્ડ-બેનર તે મોરબી રોડ,સંતકબીર રોડ,હિંગળાજ નગર રોડ પરથી જપ્ત કરવામા આવ્યા હતા.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા